# ગઝલ

## ગુલામ અબ્બાસ 'નાશાદ'

### .1.

કૃપાળુ રહેજે ભરોસો ઉઠી ન જાય કદી;
કસોટીની પળે શ્રદ્ધા ડગી ન જાય કદી.

વીકટ જીવનની સફર ને શરીર થાક્યું છે;
વીસામો ઝાંઝવા માફક છળી ન જાય કદી.

ન લેજે એવી પરીક્ષા કે દુશ્મનોય હસે;
સરળ ન એવો થજે, મન ભમી ન જાય કદી.

સફળતા ના મળે તો એટલી સમજ દેજે;
પરાયાં સુખ મને ઈર્ષા બની ન જાય કદી.

ડુબી જવું જ અગર ભાગ્ય તો વીનંતી છે;
કીનારે જઈ મારી નૌકા ન ડુબી જાય કદી.

સવાલ આબરુનો છે તો ચેતવું સારું;
હસુ હસુ થતો ચહેરો હસી ન જાય કદી.

સતત નમ્યું છે તને માત્ર તારા સજદામાં;
જગતની સામે એ મસ્તક ઝુકી ન જાય કદી.

### .2.

મનનો વીષાદ આજે છે સંતાપ, હે ગઝલ!
રસ્તો મને બતાવ, દીશા આપ, હે ગઝલ!

મળવું જ હો મને તો ચમત્કાર થઈને મળ;
ઈશ્વરની જેમ તારા જપું જાપ, હે ગઝલ!

બ્રહ્માંડનાં રહસ્યો સમું તારું હોવું છે;
પામી શક્યું છે કોણ તારો વ્યાપ, હે ગઝલ?

અચરજથી કેમ લોક જગતના નીહાળે છે?
એ તો કહે તું પુણ્ય છે કે પાપ, હે ગઝલ!

અમૃત હશે તો દેવ, નહીંતર તો શીવ છું;
'નાશાદ'ને બે ઘુંટ હવે આપ, હે ગઝલ !

## .3.

પાગલ હૃદય આ લાગણી પણ ક્યાં સુધી જશે?
ઠોકર જો મળશે માર્ગમાં પાછી વળી જશે.

મઝધારથી શું ભય ને કીનારાનો મોહ શું;
શ્રદ્ધા છે જ્યારે પુરી કે નૌકા ડુબી જશે.

એ ચીસ જેવી ચીસને પણ અવગણી ગયા;
-ને ધારણા હતી કે ઈશારો કળી જશે.

ભર ઉંઘમાંય આવે ન હોઠો ઉપર એ નામ;
ભીંતોને કાન હોય છે, તે સાંભળી જશે.

આવ્યો પ્રસંગ સુખનો જીરવજે સભાન થઈ;
આદત વગરનું હાસ્ય તો આંખો ભરી જશે.

'નાશાદ' બીજું કંઈ નહીં સોબતની હો અસર;
મસ્જીદમાં જઈને બેસ નમાઝ આવડી જશે.

## .4.

આંગળી ચીંધ્યા કરીને માત્ર પસ્તાવો થયો;
આયનો આગળ ધરીને માત્ર પસ્તાવો થયો.

રાત, આખી રાત વીતાવી છે પડખાઓ ઘસી;
કાલનાં સુખ સાંભરીને માત્ર પસ્તાવો થયો.

આમ તો નક્કી હતું જઈને કીનારે ડુબવું;
સાત દરીયાઓ તરીને માત્ર પસ્તાવો થયો.

નોંધ પણ લીધી નથી માળીએ નીષ્ફળ ત્યાગની;
પાનખર પહેલાં ખરીને માત્ર પસ્તાવો થયો.

આજે લોકોની નજરમાં એક પાથરણું જ છે;
સાચ્ચે, પાલવ પાથરીને માત્ર પસ્તાવો થયો.

બંધમુઠ્ઠીમાં છુપાવ્યાં છે રહસ્યો ભક્તીનાં;
સ્તુતી ઈશ્વરની કરીને માત્ર પસ્તાવો થયો.

એ જ સાચા અર્થમાં 'નાશાદ' હીતચીંતક હતા;
દુશ્મનોને આંતરીને માત્ર પસ્તાવો થયો.

**.5.**

ચુપ રહ્યા હોઠો સતત , સધ્ધર પુરાવો થઈ ગયો;
મારી મજબુરી ગુનેગારીનો દાવો થઈ ગયો.

થાય છે જગમાં ચમત્કારો અનુભવ છે મને;
હાથમાં શરબત હતું, પીધું તો કાવો થઈ ગયો.

દુર્દશા મારી નીહાળી લોક સૌ ચેતી ગયા;
-ને પછી વહેવાર સૌનો એક છળાવો થઈ ગયો.

પાંપણો પળ પળ ગણે સંભાવના વરસાદની;
આભ કોરુંકટ રહ્યું, આંખે ભરાવો થઈ ગયો.

મેં શુભેચ્છા પાઠવી પાછા ફરો બસ હેમખેમ;
કોઈની લાગી નજર તો એ વળાવો થઈ ગયો.

મનને મારી ત્રાસ આપ્યો છે મેં મારી જાતને;
-ને પછી 'નાશાદ' છાતીમાં દુ:ખાવો થઈ ગયો.

## .6.

જાતે જ સાંભળું છું અગર કંઈ કહું છું હું;
આ ચાર ભીંત વચ્ચે મને બસ મળું છું હું.

ખુશ્બુ લુંટીને લોક તો લઈ ચાલ્યા વસંત;
ખાલી છે ફુલછાબ કવનમાં ફરું છું હું.

એક યાદગાર પ્રીતની ભરખી ગયો સમય;
ખાલી જગા દીવાલની જોયા કરું છું હું.

બદલાવ કૈં'ક આવે જીવનમાં એ ધારણા;
જઈ આયનાની રુબરુ ખડખડ હસુ છું હું.

વારેઘડી અપાય છે મારું ઉદાહરણ;
એવું પ્રતીત થાય છે, કીસ્સો બનું છું હું.

ચાહત કદાચ સુખનો અનુભવ બની જતે;
એ વાત ઓર છે કે નીસાસા ભરું છું હું.

'નાશાદ' સાંજ વેળા ને એ પણ ખબર નથી;
સુરજ ઢળી રહ્યો કે હવે ખુદ ઢળું છું હું.

## .7.

આશા અશક્ય મનમાં જગાવી ગયો સમય;
બાળકને જાણે મુર્ખ બનાવી ગયો સમય.

પારેવડું પ્રણયનું મેં પાળ્યું'તું લાડથી;
ઝપટીને બાજ જેમ ઉઠાવી ગયો સમય.

સહવાહ પળ બે-પળનો મળ્યો ના મળ્યો અને-
સંકોચ સભ્યતાનો શીખાવી ગયો સમય.

મારી સમજ પ્રમાણે દીલાવર હતો છતાં;
માંગી મદદ તો પીઠ બતાવી ગયો સમય.

શું ત્યાગ છે એ થોડું સમજતો થયો ને ત્યાં;
ચોપાટ શક્યતાની સજાવી ગયો સમય.

દ્વીધાને  થઈ જરુર સલામત મુકામની;
સંયોગ મારા ઘરમાં વસાવી ગયો સમય.

વરસી ન એક બુંદ તરસને છીપાવવા;
'નાશાદ' આભ આખ્ખું ગજાવી ગયો સમય.

**.8.**

મારા પર હસનાર ચાહું છું એ લાચારી મળે;
લાગણી જેવી જ તમને કોઈ બીમારી મળે.

સત્યની શક્તી, મને વરદાન એવું આપ તું;
સાવ જુદ્દો હોઉં; પણ સૌની તરફદારી મળે.

આવડત સાથે અનુભવ જાતે કેળવવો રહ્યો;
પુસ્તકો ક્યાં ભલા સાચી સમજદારી મળે.

ચાર દીવાલોની વચ્ચે પગ રહ્યા લોહીલુહાણ;
શક્યતા જેવી જ ઠોકર ઘરમાં પણ ભારી મળે.

પુણ્ય જેવું કર્મ પણ માફક નથી આવ્યું મને;
થાય છે મનમાં, કદી કયારેક ગુનેગારી મળે.

સાંભળે ફરીયાદ મારી આંખે પાટા બાંધીને;
રુપ લઈને ભાગ્યની દેવીનું ગાંધારી મળે.

દુર્દશા ‘નાશાદ’ની જાહોજલાલી લાગશે;
રક્ત ભીનાં શબ્દોને જો રાગ દરબારી મળે.

## .9.

અજાણ થઈને રહ્યા, કંઈ કદર કરી જ નહીં;
ઉદાસ ઘરની તરફ એક નજર કરી જ નહીં.

અનુભવાયું છે રસ્તામાં એક પરાયાપણું;
હવા, દીશા વીશે કોઈ ખબર કરી જ નહીં.

શરમ નડે ન કદી ચાર આંખોની માટે;
મળી જવાય એ રસ્તે ગુજર કરી જ નહીં.

સુખી થયા છે તે મારા વીના શું કીસ્મત છે!
મેં સુખની કલ્પના જેના વગર કરી જ નહીં.

કટોકટીના સમયમાં બીજું તો ઠીક બધું;
દુવા કરી તો દુવાએ અસર કરી જ નહીં.

પરત ફર્યો છું હું આરંભ સ્થાન પર ‘નાશાદ’;
સ્વીકાર્યો દોષ પછી મેં સફર કરી જ નહીં.

## .10.

હતું દુષ્કર છતાંયે મન મનાવીને જીવી લીધું;
હતો રસ્તો તો ચાલ્યા ને નદી આવી તરી લીધું.

સમય નબળો હતો મીત્રો, શીખામણ જેવું કંઈ બોલ્યા;
કર્યો મેં ડોળ લાચારીનો, બધ્ધું સાંભળી લીધું.

મને હળવાશની સંભાવના લાગીને મુંઝાયો;
અચાનક પીઠ પંપાળી ને ધીમેથી ખણી લીધું.

એ મજબુરીયે દુનીયાને તો એક દરીયાદીલી લાગી;
વીષાદો હળવા કરવાને જરા જેવું હસી લીધું.

અનુભુતી મને થાતી નથી કંઈ તારા હોવાની;
છતાં ચોપાસ સજદાઓ હતા, મેં પણ નમી લીધું.

પુરાતન શીલ્પની માફક હવે શોભા સભાની છું;
પ્રસંગોપાત મારાથી બન્યું તે સાચવી લીધું.

મનન, ચીંતન કરી 'નાશાદ' જે કંઈ પ્રાપ્ત કીધેલું;
સરળતાથી આ દુનીયાએ બધુંયે આંચકી લીધું.

**.11.**

શકયતા જ્યારેય ઝળહળ થઈ જશે;
આભમાં ચોમેર વાદળ થઈ જશે.

દ્વાર ખુલ્લાં જોઈ ઉન્માદીત ન થા;
પાછા ફરતાં શ્વાસ વીહવળ થઈ જશે.

એ ચમત્કારોની આશામાં જીવ્યો;
ઝાંઝવા એક દી' જળ થઈ જશે.

હું કદી મંઝીલ નીકટ પહોચું ને ત્યાં જ;
કમનસીબી મારી આગળ થઈ જશે.

મનની ઈચ્છાને વીહરવા દો હવે ;
બંધનો મળશે ભુતાવળ થઈ જશે.

મીત્ર મારા અંતરે ના ઝાંક તું;
ડર છે શ્રદ્ધા તારી નીર્બળ થઈ જશે.

શબ્દ પણ 'નાશાદ' ભુંસાશે કદી;
મારુંય અસ્તીત્વ કાગળ થઈ જશે.

## .12.

ખબર ન્હોતી ફરી જાશે બધી આશા ઉપર પાણી;
-અને ચાતક હૃદયને ટાળશે આઠે પ્રહર પાણી.

સતત આ જીન્દગીએ ત્રાસ એ રીતે ગુજાર્યો છે;
હસુ છું ભુલથી તો ફેરવે છે નજર પાણી.

સજા છે કે પરીક્ષા છે, નીયમ છે કે પછી અપવાદ;
નજર ચોપાસ દરીયો છે માંગે છે અધર પાણી.

અચાનક જળસપાટી પર તરંગોનાં કુંડાળાં કેમ?
ફરીથી કોણ ડહોળે છે પ્રીયે, તારા વગર પાણી.

જવાબી પત્ર તારા હાથમાં કાસીદ અને કંપન;
કહે છે હાલ તારો તુંય લાવ્યો છે ખબર પાણી.

રુપાળી છે જ મંઝીલ કલ્પનાની પણ હકીકત શું?
નજર પાણી, ડગર પાણી, દીશા પાણી, સફર પાણી.

દુઆ ને પ્રાર્થના યોજે છે લોકો ઢોલ પીટીને;
આ મારી આંખ ભીની છે ને શોધે છે નગર પાણી.

ગુલામ અબ્બાસ 'નાશાદ'

સર્જક–સમ્પર્ક :

GULAM ABBAS ADENWALA –'Nashad' (nashad.adenwala@gmail.com)

C-604, FatehSagar Comp., Oppo. Convent School, Fatehganj, Vadodra-390002
Mobile-9824074249 eMail : nashad.adenwala@gmail.com
ફેસબુક: https://www.facebook.com/gulamabbas.adenwala

@@@

'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : ચૌદમું – અંક : 412 – October 28, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,57,20,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,11,53,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 10,37,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 11,53,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@@@@@